પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૩ | ૨૪ માર્ચ, ૨૦૨૧, બુધવાર; ફાગણ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# રાજ્યમાં કોરોનાનો હાહાકાર : નવા ૧૭૩૦ કેસ

## રાજ્યમાં ૮૩૧૮ એક્ટિવ કેસ : રાજ્યમાં ૨૪ કલાકમાં ચાર વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૨૭૭૬૦૩ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૪૮૩ કેસ




અમદાવાદ, તા. ૨૩

રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કોરોનાના કુલ ૧૭૩૦ કેસ નોંધાયા હતા. બીજી તરફ ૧૨૫૫ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૭૭,૬૦૩ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં સાજા થવાનો દર ઘટીને ૯૫.૬૦ ટકા પર પહોંચી ચુક્યો છે.

અત્યાર સુધીમાં કુલ ૩૪,૯૪,૨૭૭ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૬,૦૯,૪૬૪ વ્યક્તિઓને બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થઈ ચુક્યું છે. આ પ્રકારે કુલ ૪૧,૦૩,૭૪૧ લોકોને રસી આપવામાંઆવી છે. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૨,૧૪,૧૭૨ વ્યક્તિઓને રસી આપવામાં આવી છે. જો કે હજી સુધી એક પણ વ્યક્તિમાં રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી.

રાજ્યમાં કોરોનાનાં કુલ ૧૭૩૦ દર્દી નોંધાયા અને રાજ્યમાંથી ૧૨૧૫ દર્દીઓ સાજા થયા. આ ઉપરાંત રાજ્યનો રિકવરી રેટ ઘટીને ૯૫.૬૦ ટકા થયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૨,૭૭,૬૦૩ લોકોએ

● અનુસંધાન પાન-૭ પર

## વિશ્વમાં સૌથી વધારે કોરોનાના કેસમાં ભારત ત્રીજા નંબરનો દેશ

### બ્રાઝિલ અને અમેરિકા પછી સૌથી વધુ કોરોના કેસમાં ભારતનો નંબર : બ્રાઝિલમાં ૭૯૦૬૯ નવા કેસ નોંધાયા હતા, જે દુનિયામાં સૌથી વધુ નોંધાયેલા કેસ હતા અને જ્યારે અમેરિકામાં ૬૦૨૨૮ કેસ નોંધાયા હતા

નવી દિલ્હી,તા.૨૩

સતત ચોથા દિવસે ભારતમાં નોંધાયેલા નવા કેસનો આંકડો ૪૦,૦૦૦ને પાર પહોંચ્યો છે. રોજના નવા કેસની સંખ્યામાં વધારો થતા ભારત દુનિયામાં ત્રીજા નંબરનો દેશ બન્યો છે જ્યાં સૌથી વધારે રોજના નવા કેસ નોંધાઈ રહ્યા છે. ડબલ્યુએચઓ દ્વારા એકઠા કરતા આંકડા પ્રમાણે બ્રાઝિલ અને અમેરિકા પછી ભારત દુનિયાનો ત્રીજા નંબરનો દેશ છે કે જ્યાં રોજના કેસમાં મોટો ઉછાળો આવ્યો છે. ડબલ્યુએચઓના ડેટા દર્શાવે છે કે ૨૨ માર્ચના રોજ બ્રાઝિલમાં ૭૯,૦૬૯ નવા કેસ નોંધાયા હતા, જે એ દિવસે દુનિયામાં સૌથી વધુ નોંધાયેલા કેસ હતા, જ્યારે અમેરિકામાં એ તારીખે ૬૦,૨૨૮ કેસ નોંધાયા હતા અને ભારતમાં ૪૬,૯૫૧ કેસ નોંધાયા હતા. ભારતમાં નવા કેસમાં મોટો ઉછાળો નોંધાયા બાદ ૧૯ માર્ચથી દુનિયામાં ત્રીજા નંબરનો કેસ બન્યો છે જ્યાં ૨૪ કલાકમાં સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે, આ પછી ભારતમાં કેસ વધી રહ્યા છે અને હજુ દુનિયામાં ત્રીજા સ્થાને જ છે. ભારતમાં સોમવારે નવા ૪૦,૬૨૨ કેસ નોંધાયા છે, જોકે, આ દરમિયાન આસામનો આંકડો મોડી રાત સુધી નહોતો આવ્યો. રાજ્યો પ્રમાણેના ડેટાનો



અભ્યાસ કરતા માલુમ પડે છે કે દેશમાં માત્ર કેટલાક જ રાજ્યો છે જ્યાં કોરોનાના નવા કેસમાં ઉછાળો આવ્યો છે. સામાન્ય રીતે વિકએન્ડ્સમાં સ્ટાફની અછત અને ટેસ્ટિંગ ઓછા થવાના કારણે નવા કેસનો આંકડો નીચો રહેતો હોય છે, પરંતુ નવ રાજ્યો એવા છે કે જ્યાં જાન્યુઆરી કે તે પહેલાના નવા કેસનો રેકોર્ડ ૨૨મી માર્ચેના દિવસે તોડ્યો છે.

## ગુજરાતથી ઉત્તરાખંડ આવેલા ૨૨ યાત્રાળુ કોરોના પોઝિટિવ

ગુજરાતના કોરોના કેસોએ હાહાકાર મચાવ્યો છે. ત્યાં ગુજરાતથી ઋષિકેશ બસમાં ગયેલા તમામ ૨૨ યાત્રીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બસ ૪ દિવસ પહેલા ગુજરાતથી ઋષિકેષ પહોંચી હતી. ત્યારે મુનિકીરેતી ચેક પોસ્ટ પર તેમના આરટીપીસીઆર સેમ્પલ લેવામાં આવ્યા હતા. સોમવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ખાસ વાત એ છે કે, સેમ્પલ લીધા બાદ આ મુસાફરો અહીંથી નીલકંઠ મહાદેવ મંદિર ગયા હતા. જેના બાદ તેઓ મુનીકીરેતના શીશમ ઝાડી સ્થિત એક આશ્રમમાં રોકાયા હતા. હવે આરોગ્ય વિભાગની ટીમે આશ્રમમાં રહેલા લોકોના સેમ્પલ લેવાની તૈયારી કરી છે.

## સુરતમાં એક જ દિવસમાં ૩૪ રિક્ષાચાલકો કોરોના સંક્રમિત : તંત્રમાં ચિંતાનું મોજુ

સુરત,તા.૨૩

રાજ્યના સુરત જિલ્લામાં એક ખાસ ઝુંબેશ હેઠળ કોવિડ-૧૯ સંબંધી તપાસમાં એક જ દિવસમાં કમસે કમ ૩૪ રિક્ષાવાળા કોરોના સંક્રમિત માલૂમ પડ્યા હતા. એક અધિકારીએ જણાવ્યું હતું કે સુરતમાં હાલમાં જ કોવિડ-૧૯ના કેસોમાં વધારો નોંધાયો છે અને સોમવારે અહીં ૪૨૯ નવા કેસો નોંધાયા છે. તેમણે કહ્યું હતું કે રિક્ષાચાલકો, શાકભાજી વેચતા ફેરિયાઓની કોરોનાની તપાસ કરવામાં આવે છે. જે સંક્રમિત માલૂમ પડે તેમને હેલ્થ કાર્ડ આપવામાં આવે છે. સુરત મહાનગરપાલિકના કમિશનર બીએન પાણીએ પત્રકારોને કહ્યું હતું કે સોમવારે કમસે કમ ૩૪ રિક્ષાચાલકો કોરોના સંક્રમિત માલૂમ પડ્યા હતા.

તેમણે લોકોને રિક્ષામાં પ્રવાસ કરતી વખતે માસ્ક પહેરવાની ખાસ અપીલ કરી હતી, શહેરમાં સંક્રમણની શૃંખલાને તોડવા માટે મનપાએ બજારોમાં વેપારીઓની કોરોનાની તપાસ કરવાની શરૂઆત કરી હતી. શહેરમાં કોરોનાના કુલ ૪૫,૧૮૨ કેસો નોંધાયા છે.

# હવે ૪૫ વર્ષથી વધુ વયનાને વેક્સિન અપાશે

### ૧ એપ્રિલથી ૪૫થી વધુ ઉંમરના તમામને કોરોનાની રસી અપાશે : કોઇ બીમારી નહીં હોય તેવા સામાન્ય લોકોને પણ કોરોનાની રસીનો પ્રથમ ડોઝ અપાશે : કોરોના રસી મુદ્દે મોદી કેબિનેટનો સૌથી મોટો નિર્ણય : અત્યાર સુધી ૪.૮૫ કરોડ લોકોને વેક્સિન અપાઇ : જાવડેકર ● મોદી સરકારના મંત્રીએ લોકડાઉન મુદ્દે કહ્યું, જે રાજ્યોમાં કોરોના કેસો વધુ નોંધાયા છે કેન્દ્ર તો સરકારના સતત સંપર્કમાં છે

ન્યુ દિલ્હી,તા.૨૩

કેન્દ્ર સરકારે કોરોના વિરુદ્ધના જંગમાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. પીએમ નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા મળેલી કેબિનેટ બેઠકમાં નિર્ણય લેવાયો છે કે, ૧લી એપ્રિલથી દેશમાં ૪૫થી વધુ ઉંમર ધરાવતા તમામ લોકોને કોરોનાની રસી આપવામાં આવશે. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે આ અંગે સત્તાવાર પુષ્ટિ કરી હતી.

ઉલ્લેખનીય છે કે હાલમાં દેશમાં ૬૦થી વધુ ઉંમરના લોકોને જ કોરોનાની રસી આપવામાં આવે છે. જો કે હવે ૧લી એપ્રિલથી ૪૫થી વધુ ઉંમરના તમામ લોકોને કોરોનાની રસી આપવામાં આવશે. તાજેતરમાં ૪૫થી વધુ ઉંમતના કો-મોર્બિડ લોકોને જ રસી આપવામાં આવતી હતી પરંતુ હવે કોઈ બીમારી નહીં હોય તેવા સામાન્ય લોકોને પણ કોરોનાની રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવશે.

જાવડેકરે જણાવ્યું કે કોરોના સામેની લડાઈમાં રસી સૌથી અસરકારક કવચ છે. કેન્દ્રીય મંત્રીના મતે હજુ પણ આપણે એકથી દોઢ વર્ષ સુધી માસ્ક પહેરી રાખવું પડશે. કોરોના જરા પણ હળવાશમાં લઈ શકાય નહીં. ફરીથી લોકડાઉન અંગે તેમને પૂછવામાં આવતા તેમણે કહ્યું કે, જે રાજ્યોમાં કોરોનાના વધુ કેસો નોંધાયા છે તે રાજ્ય સરકારો સાથે કેન્દ્ર સંપર્કમાં છે અને અસરકારક મેનેજમેન્ટ દ્વારા સ્થિતિ ઝડપથી સુધરશે.

હોળીના તહેવાર બાદ દેશમાં કોરોના વેક્સિનેશનનું અભિયાન તેજ બની શકે છે. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે મંગળવારના પ્રેસ કૉન્ફરન્સમાં આની જાહેરાત કરી. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું કે, લોકોએ ફક્ત પોતાનું રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે અને સરળતાથી સરકારી-પ્રાઈવેટ સેન્ટર્સ પર વેક્સિન મળી શકશે.

## ચીનમાં પીળા તોફાનનું રૌદ્ર સ્વરૂપ દાયકાનું સૌથી મોટુ તોફાન

બૈજીંગ, તા.૨૩

ચીનની રાજધાની બૈજીંગમાં હાલમાં રેતીનું ભયંકર તોફાન આવ્યું જેણે આખા શહેરને ઢાંકી દીધુ હતુ. આ તોફાનને દાયકાનું સૌથી મોટુ તોફાન ગણાવાઈ રહ્યુ છે. તેની ખાસ વાત એ હતી કે તેનાથી શહેરનું આસમાન પીળા નારંગી રંગનું થઈ ગયુ હતુ. જો કે આ પ્રકારનું પીળુ તોફાન ચીનમાં કંઈ પહેલીવાર નથી આવ્યું. તે ગોબીના રણમાંથી લગભગ દર વર્ષે આવે જ છે. પણ આ વખતે તેની તીવ્રતા વધારે હતી.

ચીનના હવામાન વિભાગ અનુસાર દાયકાનું આ સૌથી વિનાશકારી તોફાન ઈનર મોંગોલીયાના રણમાંથી આવ્યું હતું અને બૈજીંગ ઉપરાંત હ્યુવેઈ, ગાંસુ સહિત કેટલાય શહેરોને પોતાના ઝપેટમાં લીધા હતા. તો ચીનની સરકાર એજન્સી શીન્હુઆ અનુસાર મોંગોલીયામાં પરિસ્થિતિ વધુ ખરાબ છે, જ્યાં ઓછામાં ઓછા ૩૪૧ લોકો તોફાન પછી ગુમ છે.

## અમેરિકાના કોલોરાડોમાં સુપરમાર્કેટમાં બેફામ ગોળીબાર

### ૧૦નાં મોત : પોલીસે હુમલાખોરને કસ્ટડીમાં લીધો

કોલોરાડો,તા.૨૩

અમેરિકાના કોલોરાડોના બોલ્ડરમાં સુપરમાર્કેટમાં એક શખ્સે અંધાધૂંધ ગોળીબાર કરતા પોલીસ અધિકારી સહિત ૧૦ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે. પોલીસે એક સંદિગ્ધની ધરપકડ કરી લીધી છે. જો કે આ શખ્સે ગોળીબાર શા માટે કર્યો તેનું કારણ હજી સુધી જાણી શકાયું નથી. પોલીસે આ સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. બોલ્ડર પોલીસે ટ્વીટ કરીને ગોળીબારની ઘટના અંગે પુષ્ટી કરી હતી.

સોમવારે રાત્રે બનેલી આ ઘટનાથી અમેરિકાનું ગન કલ્ચર ફરી માથાનો દુઃખાવો બની ગયું છે. પોલીસે સુપરમાર્કેટમાંથી એક સંદિગ્ધ શખ્સની ધરપકડ કરી હતી.






## બેંકો દ્વારા પુરૂં વ્યાજ માફ ન કરાય લોન મોરેટોરિયમ પર સુપ્રીમનો ચૂકાદો

### સંપૂર્ણ વ્યાજ માફીની માંગ કરી રહેલા રિયલ એસ્ટેટ જેવી અનેક સેક્ટરની કંપનીઓને ઝટકો, ઇકોનોમિક પોલીસી મુદ્દે દખલ ન કરવા સુપ્રીમની સ્પષ્ટતા



નવી દિલ્હી, તા. ૨૩

સુપ્રીમ કોર્ટે લોન મોરેટોરિયમ કેસમાં મંગળવારે એક મહત્વપૂર્ણ નિણર્ય લીધો છે. કોર્ટે ચુકાદામાં કહ્યું કે સંપૂર્ણ વ્યાજને માફ ન કરી શકાય. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી બેંકોને રાહત મળી છે. બીજી બાજુ, સંપૂર્ણ રીતે વ્યાજ માફીની માંગ કરી રહેલા રિયલ એસ્ટેટ જેવી અનેક સેક્ટરની કંપનીઓને ઝટકો લાગ્યો છે.

જસ્ટિસ અશોક ભૂષણ, આર સુભાષ રેડ્ડી અને એમઆર શાહની બેંચે આ ચુકાદો આપ્યો. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી છે કે તે ઈકોનોમિક પોલીસી મામલે દખલ ન કરી શકે. તે નક્કી નહીં કરે કે કોઈ પોલીસી યોગ્ય છે કે નહી. કોર્ટ ફક્ત તે નક્કી કરી શકે છે કો કોઈ પોલીસી કાયદા સંમત છે કે નહીં.

સુપ્રીમ કોર્ટે સરકારનો પક્ષ સમજતા કહ્યુ કે, કોરોના મહામારી ફક્ત કંપનીઓને જ નહીં, સરકારને પણ નુકસાન થયુ છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે, તે સરકાર અને રિઝર્વ બેંક પર દબાણી કરી શકે નહીં.

કેંન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એક એફિડેવિટ આપ્યુ છે. આ દસ્તાવેજોમાં સ્પષ્ટ રીતે કહેવાયુ છે કે, સરકારે અલગ અલગ સેક્ટર્સમાં યોગ્ય રાહત પેકેજ આપ્યુ છે. હાલની મહામારીની વચ્ચે એ સંભવ નથી કે, આ સેક્ટર્સને વધારે રાહત આપવામાં આવે.

કેન્દ્ર સરકારે એવુ પણ કહ્યુ હતું કે, જાહેર હિતની અરજીના માધ્યમથી ક્ષેત્ર વિશેષ માટે રાહતની માગ કરી શકાય છે. કેન્દ્ર સરકારે એફિડેવિટ મુદ્દે ૨ કરોડ સુધીની લોન માટે વ્યાજ પર વ્યાજ માફ કરવા ઉપરાંત કેટલીય રાહત અર્થવ્યવસ્થા અને બૈંકીંગ ક્ષેત્ર માટે હાનિકારક છે.

## મ.પ્રદેશના ગ્વાલિયરમાં પૂરઝડપે જતી બસે રિક્ષાને ટક્કર મારતા ૧૩ના મોત


ગ્વાલિયર,તા.૨૩

મધ્ય પ્રદેશના ગ્વાલિયરમાં ભયાનક અકસ્માત થયો છે. આ અકસ્માતમાં ૧૩ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. પુરપાટ ઝડપે જઈ રહેલી બસે એક રીક્ષાને ટક્કર મારતા આ દુર્ઘટના સર્જાઈ હતી. રીક્ષા ચાલક સહિતના લોકોના મોત નિપજ્યા છે. મૃતકોમાં મોટા ભાગની મહિલાઓ સામેલ છે. બે ડઝનથી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા છે.

તમામ મહિલાઓ આંગણવાડીમાં બાળકો માટે રસોઈ બનાવવા જઈ રહી હતી. અકસ્માતમાં ૯ મહિલા અને ઓટો રિક્ષા ચાલકનું ઘટના સ્થળે જ મૃત્યુ થયા હતા. ઈજાગ્રસ્ત અન્ય ત્રણ મહિલાઓને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં અનેક પણ મૃત જાહેર કરવામાં આવી હતી. શિવરાજ સિંહ ચૌહાણે ઘટનાને લઈને દુઃખ વ્યક્ત કર્યું છે.

ગ્વાલિયરમાં આજે વહેલી સવારે એક બસ અને રીક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. રીક્ષા ગ્વાલિયરથી મુરેના રોડ પર ચમન પાર્ક તરફ જઈ રહી હતી,

● અનુસંધાન પાન-૭ પર



## શ્રદ્ધાંજલિ

ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંક લિ.ના ભૂતપૂર્વ ચેરમેનશ્રી અને ડિરેક્ટરશ્રી **મણીભાઈ પુંજીરામ ચૌધરી** અક્ષર નિવાસી થયેલ છે. આ દુઃખદ ઘડીએ તેઓના પરિવારને પરમ પરમાત્મા દુઃખ સહન કરવાની શક્તિ આપે તથા પ્રભુ સદ્‌ગતના આત્માને સદ્‌ગતિ સાથે ચરણોમાં સ્થાન આપે તેવી પ્રાર્થના...

લિ.

**ધી ગાંધીનગર નાગરિક કો. ઓપ. બેંક લિ.**

| | | |
|---|---|---|
| પ્રવિણકુમાર ડી. પટેલ<br>વાઈસ ચેરમેન | વિક્રમ કે. પટેલ<br>ચેરમેન | વિપુલ આર. પટેલ<br>મેનેજીંગ ડિરેક્ટર |

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

| | | |
|---|---|---|
| અશોકભાઈ જી. પટેલ | અશોકભાઈ આર. પટેલ | ઘનશ્યામભાઈ કે. પટેલ |
| જયંતિભાઈ એમ. પટેલ | ચંદ્રકાંતભાઈ સી. પટેલ | મનુભાઈ બી. પટેલ |
| લાલસિંહ કે. વાઘેલા | નરેન્દ્રભાઈ એમ. શાહ | ડો. હિમાંશુ વી. પટેલ |
| વિષ્ણુભાઈ આઈ. પટેલ | બીપીનભાઈ વી. પટેલ (કો ઓપ ડિરેક્ટર) | |

દિપક એચ. શાહ, જનરલ મેનેજર તથા સમગ્ર બેંક પરિવાર